અપીલ અરજી નં.૪૨/૦૮–૦૯ તા. ૧૭–૫–૦૮

અરજદારઃ શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન

# હુકમઃ–

***વિષયઃ–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૨–૪–૦૮ ની અરજીથી સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ ૪/૩૬૦ વાળી મિલ્કતમાં ચાલતા કારખાનાના બાંધકામ બી.પી.એમ.સી. કલમ–૨૬૮ મુજબ શું કાર્યવાહી કરવામાં આવી વિ. માહિતી માંગતી અરજી .

***સંદર્ભેઃ–***અરજદાર મજકુરની તા.૧૭–૫–૦૮ ની અપીલ અરજી નં.૪૨/૦૮–૦૯

શ્રી હેમંત એન. દેસાઈની તા.૨–૪–૦૮ ની અરજીથી સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ ૪/૩૬૦ વાળી મિલ્કતમાં ચાલતા કારખાનાના બાંધકામ બી.પી.એમ.સી. કલમ–૨૬૮ મુજબ શું કાર્યવાહી કરવામાં આવી વિ. માહિતી માંગતી અરજી બાબતે ફકત જોગવાઈઓની જાણકારી આપવામાં આવેલ છે પરંતુ શું કાર્યવાહી કરી તેની માહિતી તથા પ્લાન રીવાઈઝ કરવામાં આવેલ છે કે કેમ? તે અંગે કોઈ પ્રતિભાવ ન મળવાના કારણે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૫–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો માહિતીના વિલંબ તથા અનુમાનિ ઈન્કાર અંગેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૨ તા.૨૨–૫–૦૮ ના રોજ આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને રાઈટ ટુ ઈન્ફરમેશન સે.ઝોન/આ.નં.૨૪૬ તા.૩–૬–૦૮ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારની તા.૨–૪–૦૮ ની ૪/૩૬૦ વાળી મિલ્કતમાં નિયમ મુજબ શું કાર્યવાહી કરવામાં આવી છે પ્લાન રીવાઈસ કરવામાં આવેલ છે કે બાકી છે અને અધિકારીઓની નોંધ છે તે બાબતે માંગણી કરેલ છે. જયારે અપીલમાં મુળ અરજીથી અલાયદા કારખાના ચાલુ કરવા અંગે કાર્યવાહી કરવાને લગતા અને વેરાબીલ ચકાસણીને લગતા અન્ય પૂરક મુદ્દાઓ પણ રજૂ કરેલ છે.

જાહેર માહિતી અધિકારીએ અરજદારને ઉકત સદર બાબતે રાઈટ ટુ ઈન્ફરમેશન સે.ઝોન/આ.નં.૮૦ તા.૨૫–૪–૦૮ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેમજ રાઈટ ટુ ઈન્ફરમેશન સે.ઝોન/આ.નં.૧૧૮ તા.૧–૫–૦૮ થી મોડીફાઈડ પ્લાનની ચકાસણી દરમ્યાન ખાતા ધ્વારા થયેલ નોંધના કુલ પાના નં. ૮ તા.૨૮–૪–૦૮ ના રોજ અરજદારે દસ્તાવેજ ફી ભરતાં નકલો પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીની સદર વિગતો ધ્યાને લેતાં ફી ભરવાનો સુચના પત્ર સમયમર્યાદામાં લખાયેલ છે. અરજદારને સમયમર્યાદામાં માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેમજ અરજદારને નોંધ વિભાગની ૮ નકલો પૂરી પાડેલ છે જેમાં મિલ્કતની કાર્યવાહી પ્લાન રીવાઈસ અને અધિકારીની નોંધની માહિતી આપેલ છે જેથી અરજદારની અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું નથી. અન્ય મુદ્દાઓ મુળ અરજીમાં ન હોવાથી અપીલ અરજી અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. અરજદાર ઈચ્છુક હોય તો કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી અલાયદી અરજીથી લાગત જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી મેળવવા સ્વતંત્ર છે. "

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૬ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧)આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલઝોન..... જાણ તથા અમલ માટે.
(૨) શ્રી હેમંત એન. દેસાઈ,